સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગની આદર્શ
નિવાસી શાળાઓમાં ધો. ૯ થી ૧૨ ના
સળંગ એકમમાં ધો.૧૨ નો વર્ગ શરૂ કરવા
અને ૮૪ શિક્ષકોની ભરતી કરવા બાબત.
વર્ષ ૨૦૧૪-૧૫ રૂ. ૧૦૦.૮૦ લાખ

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅનશ/૧૦૨૦૧૨/ન.બા.-૭૦૮/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૩૧\૭\૨૦૧૪

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૮/૭/૨૦૧૩ નો ઠરાવ ક્રમાંકઃઅનશ/૧૦૨૦૧૨/ન.બા.-૭૦૮/અ.૧

(2) નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા. ૨૨/૧૧/૨૦૧૩ નો પત્ર ક્રમાંકઃવિજાક/ આનિશા/૨૦૧૩-૧૪/૨૧૯૬ થી ૯૭

(3) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૩/૬/૨૦૧૪ નો પત્ર ક્રમાંકઃ અનશ/૧૦૨૦૧૨/ન.બા.-૭૦૮/અ.૧

<u>ઠ રા વઃ-</u>

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ૨૮ આદર્શ નિવાસી શાળાઓમાં ધો. ૯ થી ૧૨ નું સળંગ એકમ શરૂ કરી ધો. ૧૧નો વર્ગ ચાલુ કરવા અંગેની રૂ. ૮૪.૦૦ લાખની નવી બાબતની આ વિભાગના વંચાણ હેઠળના તા. ૮/૭/૨૦૧૩ ના ઠરાવથી મંજુરી આપવામાં આવેલ હતી. સામાજિક અને શૈક્ષણિક વર્ગની ૨૮ (અઠ્ઠાવીસ) આદર્શ નિવાસી શાળાઓમાં (પત્રક મુજબ) ધોરણ-૯ થી ૧૨ ના સળંગ એકમમાં ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ ના કુલ ૫૬ વર્ગો શરૂ કરવા, આદર્શ નિવાસી શાળાઓ માટે વર્ગ દીઠ ૨.૫૦ શિક્ષકો લેખે કુલ ૧૪૦ શિક્ષકો ભરવાના થાય છે. તેમાં ગત વર્ષે વિભાગના તા.૦૮-૦૭-૨૦૧૩ના ઠરાવથી ધોરણ-૧૧ માટે ૫૬ શિક્ષકો ભરવાની મંજૂરી આપવામાં આવેલ છે. ધોરણ ૧૨નો વર્ગ ચાલુ કરવા માટે બાકી રહેતી ૮૪ શિક્ષકોની જગ્યા ઉભી કરવા રૂ. ૧૦૦.૮૦ લાખની નવી બાબતની મંજુરી માટે નિયામકશ્રી (વિજા)ના તાઃ ૨૨/૧૧/૨૦૧૩ના પત્રથી દરખાસ્ત કરેલ હતી. જેનો નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે સામાજિક અને શૈક્ષણિક વર્ગની ૨૮ (અઠ્ઠાવીસ) આદર્શ નિવાસી શાળાઓમાં (પત્રક મુજબ) ધોરણ-૯ થી ૧૨ ના સળંગ એકમમાં ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ ના કુલ ૫૬ વર્ગો શરૂ કરવા આદર્શ નિવાસી શાળાઓ માટે વર્ગ દીઠ ૨.૫૦ શિક્ષકો લેખે કુલ ૧૪૦ શિક્ષકો ભરવાના થાય છે. તે પૈકી ગત વર્ષે વિભાગના તા.૦૮-૦૭-૨૦૧૩ના ઠરાવથી ધોરણ-૧૧ માટે ૫૬ શિક્ષકો ભરવાની મંજૂરી આપવામાં

આવેલ છે. આથી ધોરણ ૧૨નો વર્ગ ચાલુ કરવા માટે બાકી રહેતી ૮૪ શિક્ષકોની જગ્યાઓ રૂ. ૯૩૦૦-૩૪૮૦૦-ગ્રેડ પે રૂ.૪૪૦૦ ના પગાર ધોરણમાં ઉભી કરવા માટે વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ. ૧૦૦.૮૦ લાખ( અંકે એક કરોડ એસી હજાર પુરા) ની જોગવાઇનો ખર્ચ કરવા નીચેની શરતોએ આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૨/૨૦૦૬ તથા સામાન્ય વહીવટ વિભાગના તા. ૪/૬/૨૦૦૯ ઠરાવથી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) સીધી ભરતી/બઢતીથી ભરવાની થતી જગ્યાઓ ભરતી નિયમો પ્રમાણે સીધી ભરતી/બઢતીથી આવતી હોવાની શરતે તે રીતે ભરવાની મંજુરી આપવામાં આવે છે.

(૮) જે તે જગ્યાઓના પગાર ધોરણો આર.ઓ.પી.૨૦૦૯ પ્રમાણે છે કે કેમ ? તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારોને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણાં વિભાગના તા. ૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન-૨૦૦૩-જીઓઆઇ-૧૦-પી તથા તા. ૨૭/૯/૨૦૦૬ ના પરિપત્ર ક્રમાંકઃનપન-૨૦૦૩-જીઓઆઇ-૧૦(પા.ફા.)પી ની જોગવાઇ પ્રમાણે રાજય સરકાર ધ્વારા તા. ૧/૪/૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ વર્ધિત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો વખત થયેલા સુધારા લાગુ પાડવાના રહેશે.

(૧૦) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૧) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૨) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇશે.

(૧૩) રાજય સરકારના વખતો વખતના નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
(૧૪) નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થતાં પહેલાંના એક માસ પહેલાં. નાણાંકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.
(૧૫) શિક્ષકોની ભરતી શિક્ષણ વિભાગ મારફત કરવાની રહેશે.
(૧૬) આ નવી બાબત માટે આકસ્મિક નીધિમાંથી ઉપાડેલ રકમ સરભર કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:૯૨ મુખ્ય સદર ૨૨૨૫, અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ મુખ્ય સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ (૧૫) બીસીકે-૯૫ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટેની આદર્શ નિવાસી હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી(નાણાં)ની તા.૧૨/૭/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Desai.
( જે. વી. દેસાઇ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ..ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ ..ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ/ગ/અ-શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.